દાખલ તારીખ	૧૫-૦૧-૨૦૨૪
રજીસ્ટરે લીધા તારીખ	૧૫-૦૧-૨૦૨૪
ફેંસલ તારીખ	૧૧-૦૫-૨૦૨૬
સમયગાળો	વર્ષ ૦૨ માસ ૦૩ દિવસ ૨૬

મે. રાણાવાવના પ્રિન્સીપાલ સીવીલ જજ એન.એલ.શર્મા સાહેબની અદાલત, મુ. રાણાવાવ.

રેગ્યુ. દિ. મુ. નં.: ૦૮/૨૦૨૪
આંક-૧૦૧.

ખીમજીભાઈ ભીખાભાઈ શીયાણી
ઉ.વ.૬૦, ધંધો: ખેતી,
રહે. ભોદ, તા.રાણાવાવ,
જી.પોરબંદર. ..... **વાદી**

વિ રૂ ધ્ધ

(૧). જમનાબેન ભીખાભાઈ તે વા.ઓ. ખીમજીભાઈ જમરીયા
ઉ.વ.૮૦, ધંધો:ઘરકામ,
રહે.પરેશનગર, ખાખરીયા નાગદેવના મંદિર સામે, રાણાવાવ,જી.પોરબંદર.

(૨). ગંગાબેન ભીખાભાઈ તે વા.ઓ.હંસરાજભાઈ ઘુમલીયા
ઉ.વ.૭૮, ધંધો: ઘરકામ,
રહે.શંકરના મંદિર પાસે, ભોદ,તા.રાણાવાવ, જી.પોરબંદર.

(૩). પુરીબેન ભીખાભાઈ તે વા.ઓ. કારાભાઈ ટુકડીયા
ઉ.વ.૭૫, ધંધો: ઘરકામ, રહે.ટુકડા (ગોસા), તા.જી.પોરબંદર.

(૪). કાનજીભાઈ ભીખાભાઈ શીયાણી
ઉ.વ.૭૩, ધંધો: ખેતી, રહે.વનાણા, તા.રાણાવાવ, જી.પોરબંદર.

(૫). ભીમજીભાઈ ભીખાભાઈ શીયાણી
ઉ.વ.૭૦, ધંધો: ખેતી,
રહે.રાણાબોરડી, તા.રાણાવાવ, જી.પોરબંદર.

(૬). **નારણભાઈ ભીખાભાઈ શીયાણી**
ઉ.વ.૬૮, ધંધો: ખેતી, રહે.ભોદ, તા.રાણાવાવ, જી.પોરબંદર.

(૭). **રતનબેન ભીખાભાઈ તે વા.ઓ. ભીખાભાઈ ટુકડીયા**
ઉ.વ.૬૫, ધંધો: ઘરકામ, રહે.મોકર, તા.રાણાવાવ, જી.પોરબંદર.

(૮) **મોહનભાઈ ભીખાભાઈ શીયાણી**
ઉ.વ.૬૩, ધંધો: ખેતી, રહે.ભોદ, તા.રાણાવાવ, જી.પોરબંદર.

(૯). **મંજુબેન ભીખાભાઈ તે વા.ઓ. હરજીભાઈ ઘુમલીયા**
ઉ.વ.૬૦, ધંધો: ઘરકામ,
રહે.ભુજ (માધાપર), ઠે.સ્વામી નારાયણ મંદિર પાસે,

(૧૦).**લક્ષ્મીબેન દિનેશભાઈ શીયાણી**
ઉ.વ.૪૫, ધંધો: ઘરકામ,

(૧૧).**વનિતાબેન દિનેશભાઈ શીયાણી**
ઉ.વ.૨૮, ધંધો: ઘરકામ,

(૧૨).**મયુર દિનેશભાઈ શીયાણી**
ઉ.વ.૨૫, ધંધો: ખેતી,

(૧૩) .**નિલેષ દિનેશભાઈ શીયાણી**
ઉ.વ.૨૩, ધંધો: ખેતી
રહે. નં.૧૦ થી ૧૩: ભોદ, તા.રાણાવાવ,
જી.પોરબંદર. .....**પ્રતિવાદીઓ**

<u>દાવો : અવિભકત હિન્દુ સંયુકત કુટુંબમાંથી ભાયોભાગ અલગ કરી નામ કમી કરાવવા અંગે સ્પે.રીલીફ એકટની કલમ–૨૨, ૩૪ મુજબ તેમજ પાર્ટીશન એકટ કલમ–૨, સી.પ્રો.કોડની કલમ–૫૪ મુજબ.</u>

વાદીપક્ષ.....તરફે	:	વિ.વકીલ શ્રી એચ.પી.ટેવાણી
પ્રતિવાદી નં.૨,૫ થી ૮ તથા નં.૧૦ તરફે	:	વિ.વકીલ શ્રી એમ.એ.મંઘેરા.
પ્રતિવાદી નં.૪ તથા ૧૧ થી ૧૩ તરફે	:	કોઈ હાજર નથી.

॥ ઠ રા વ ॥

(૧). પ્રસ્તાવના :– હાલનો દાવો વાદી એ **સ્પેશીફીક રીલીફ એકટ ની કલમ–૨૩, ૩૪, પાર્ટીશન એકટ કલમ–૨ તથા સી.પી.સી.,૧૯૦૮ કલમ–૫૪ અન્વયે વાદી એ અવિભકત હીન્દુ કુટુબં માં થી ભાઈયો ભાગ અલગ કરી નામ કમી કરવા અંગે** હકક સ્થાપનની કાયમી તાકીદ મેળવવા માટે દાખલ કરેલ છે.

(૨). વાદી ની દાવા અરજી ની હકીકત :–આ કામનાં વાદી ોદ ગામના ખાતેદાર ખેડુત છે અને ખેતીકામ કરી પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે. આ કામનાં પ્રતિવાદી નં.૧ થી ૯ નાં એકજ માતા–પિતાના સંતાનો છે અને ૧૦ થી ૧૩ ના વાદીના ગુજરનાર ભાઈ દિનેશભાઈ ભીખાભાઈના વારસદારો છે, તે રીતે વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે લોહીના સંબંધો રહેલા છે.

અમો પક્ષકારોના **પિતાશ્રી ભીખાભાઈ રાજાભાઈ શીયાણીની** વારસાઈ દરજ્જે ખેતીની જમીનો આવેલ છે અને તેઓનું અવસાન થતા રેવન્યુ નોંધ **નં.૪૭૦૦,** તા.૨૧/૦૬/૨૦૧૪ નાં રોજ વારસાઈ નોંધ પડાવતા પક્ષકારોને રાણાવાવ તાલુકાન ભોદ ગામે રે.સ.નં ૩૨૧ જેનું કુલ ક્ષેત્રફળ હે.૦૨–૪૬–૧૧, રે.સ.નં.૩૨૨ જેના કુલ ક્ષેત્રફળ હે.૦૪–૫૨–૪૮ તથા રે.સ.નં.૩૨૩ જેના કુલ ક્ષેત્રફળ હે.૦૩–૬૧–૧૨ વાળી ખેતીની જમીનો પક્ષકારોને વારસાઈ દરજ્જે મળેલ છે અને રેવન્યુ દફતરે તેઓના સંયુકત નામથી ચાલે છે અને તેઓના કાયદેસરની માલિકી તથા કબજા–ભોગવટાની રહેલ છે.

(૨.૧). આ કામનાં પ્રતિવાદી નં.૧૦ થી ૧૩ વાદીના ગુજરનાર ભાઈ દિનેશભાઈ ભીખાભાઈના વારસદારો હોય તેઓના અવસાન બાદ દિનેશભાઈના હિસ્સો તેમને મળે તેવા આશ્રયથી રેવન્યુ દફતરે નોંધ નં.**૫૦૬૮,** તા.૨૬/૧૨/૨૦૧૬ માં

ધોરણસર નોંધ પડાવવામાં આવેલ અને તે રીતે તેઓને આ કામે પક્ષકાર તરીકે જોડેલા છે અને તેઓ વારસાઈ મિલકતમાં તેમનું નામ દાખલ કરેલ છે અને વારસાઈ જમીનમાં સહ–હિસ્સેદાર છે.

પક્ષકારોની સદર વારસાઈ ખેતીની જમીન ઉપરાંત તેઓના પિતાશ્રી તરફથી ભોદ ગામે આવેલ રે.સ.નં.૩૨૦ જેના કુલ ક્ષેત્રફળ હે.૦૨–૨૩–૪૭ વાળી ખરીદ કરવામાં આવેલ અને તેનો પ્રત્યક્ષ કબજા–ભોગવટો આ કામનાં પ્રતિવાદી નં.૪ કાનજીભાઈ ભીખાભાઈ પાસે રહેલ છે પરંતુ સદર મિલકતનું પાકુ વેંચાણ દસ્તાવેજ ભીખાભાઈ રાજાભાઈનું અવસાન થઈ જતા થયેલ નથી અને માત્ર રેવન્યુ દફતરે તે મિલકત ખીમજીભાઈ જીવાભાઈ વિગેરેના નામથી ચાલે છે પરંતુ મિલકતનો પ્રત્ક્ષ કબજા–ભોગવટો પ્રતિવાદી નં.૪ પાસે તે ભાયોભાગની રીતે રહેલો છે.

(૨.૨). વધુમાં, પક્ષકારો વચ્ચે અગાઉ ઘરમેળે સમજુતી તથા અને વારસાઈ મિલકતન ભાયોભાગ નકકી કરી તેના પ્રત્યક્ષ કબજા–ભોગવટા દરેકને અલગ કરી સોંપી આપવામાં આવેલ છે અને તે તમામ સહ–હિસ્સેદારો ઉપરોકત પોતાના ભાગે આવેલ જમીનનો પ્રત્યક્ષ કબજો સંભળી લઈ તેમાં ખેતી કામ કરી ઉપજ મેળવે છે અને જયારે ભાયોભાગ નકકી કરી હીસ્સા અલગ કરવામાં આવેલ તે જ સમયે વારસાઈ જમીનોના સ્ત્રી હિસ્સેદારોને તેનો હિસ્સો રોકડમાં આપવાનું નકકી કરેલ જે મુજબ વાદી પણ તેમના બહેનના હિસ્સે આવતી જમીનમાંથી ભાગ આપવા તૈયાર અને ખુશી છે.

પક્ષકારો વચ્ચે થયેલ સમજુતી મુજબ (ક). ભોદ ગામે આવેલ **રે.સ.નં.૩૨૧ જેના કુલ ક્ષે.હે.૦૨–૪૬–૧૧** ભાયોભાગની જમીન આવેલી અને તેમાં વાદી ખેતીકામ કરી ઉપજ મેળવે અને તેમના પ્રત્યક્ષ કબજા–ભોગવટાની રહેલી છે. (ખ). **રે.સ.નં.૩૨૨ જેના કુલ ક્ષે.હે.૦૪–૫૨–૪૮** માં ત્રણ ભાગ કરી નારણભાઈ

ભીખાભાઈ પ્રતિવાદી નં.૬ ગુજરનાર દિનેશભાઈ ભીખાભાઈના વારસો પ્રતિવાદી નં.૧૦ થી ૧૩ તથા, (ગ) મોહનભાઈ ભીખાભાઈ પ્રતિવાદી નં.૮ રે.સ.નં.૩૨૩ જેના કુલ ક્ષે.હે.૦૩-૬૧-૧૨ વાળી મિલકતમાં બે ભાગ મોહનભાઈ ભીખાભાઈ (પ્રતિવાદી નં.૮) તથા ભીમજીભાઈ ભીખાભાઈ (પ્રતિવાદી નં.૫) ને આપવામાં આવેલી અને તેનો પ્રત્યક્ષ કબ્જો-ભોગવટો આંગત માલિક તરીકે ધરાવે છે અને ઉપજ મેળવે છે.

(૨.૩). આ કામનાં પ્રતિવાદી નં.૫ ના શરૂઆતથી જ ભાયોભાગ અલગ કરી સદર વારસાઈ જમીનની ઉપજ માંથી રાણાબોરડી,તા.રાણાવાવ મુકામે પોતાના સ્વતંત્ર નામે ખેતીની જમીન ખરીદ કરી તેનો પ્રત્યક્ષ કબજા-ભોગવટો ધરાવે છે અને રેવન્યુ દફતરે તેઓના સ્વતંત્ર નામથી ચાલે છે તે રીતે વાદી પોતાના ભાગે આવેલી ખેતીની જમીનના કાયદેસરના માલિક અને કબજેદાર બનેલા હોવા છતાં વારસાઈ જમીન સંયુકત માલિકીની રેવન્યુ દફતરે ચાલતી હોવાનો આ જમીનમાં પણ પોતાનો હિસ્સો દેખાડવા સંયુકત ખાતામાંથી પોતાના નામ કમી કરાવતા ન હોય, જેથી સરકારશ્રી તરફથી મળતા ખેતી વિષયક જમીનના લાભો એકબીજાની સંમતિ વગર મળી શકે નહીં તેવા સ્થિતી-સંજોગો હોય તેવુ જાણવા છતાં વાદીના કાયદેસરના કબજાને નુકશાન કરવા અને વાદીને મળતા લાભોથી વંચીત કરવાના આશ્રયથી પ્રવૃતશીલ બનેલા છે તેથી વાદીએ પ્રતિવાદીઓ ને લેખિત રજી.એ.ડી. મારફત નોટીશ **તા.૩૦/૧૧/ ૨૦૨૩** નાં રોજ આપેલ જે નોટીસ મળેલ હોવા છતા અન્ય સહ હિસ્સોદારોના કબજામાંથી પોતાનું નામ કરી કરાવેલ ન હોય અને વાદીની કાયદેસરની માલિકી અને કબજાના હકક, હિતના રક્ષણ માટે હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે. વાદી આજે પણ અન્ય સહ હિસ્સોદારોના કબજાવાળી મિલકત માંથી પોતાનું નામ કરી કરાવવા તૈયાર અને ખુશી છે.

(૨.૨). વાદીએ હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે, **(ક).** ભોદ ગામે આવેલી રે.સ.નં.૩૨૧,રે.સ.નં.૩૨૨ તથા રે.સ.નં.૩૨૩ વાળી જમીનો વારસાઈ દરજ્જે આવેલ છે અને રે.સ.નં.૩૨૧ વાળી મિલકત અમોને વારસાઈ હકકે થી ભાઈયો ભાગ ના હિસ્સા થી મળેલ છે તે અમો વાદી ના સ્વતંત્ર કબ્જા ભોગવટા ની છે તેવુ ઠરાવી આપવા, **(ખ).** ભોદ ગામે આવેલી રે.સ.નં.૩૨૧ વાળી જમીન ના માલિક અને કબ્જેદાર તરીકે અમો જ રહેલા છે તેથી રેવેન્યુ રેકર્ડ માં અમો વાદી નુ નામ દાખલ કરવા હકદાર હોવા નુ ઠરાવી આપવા તથા આ પ્રતિવાદીઓ પૈકી કોઈ પણ ને આ મિલકત માં હકક હિસ્સો કે લાગભાગ નથી તેવુ ઠરાવી આપવા હુકમ કરવા તથા **(ગ).** કાયદા તથા હકીકતે મળી શકતી તમામ દાદ અપાવવા નમ્ર અરજ છે.

(૩). દાવા ના સમંસ/ એકતરફી હુકમ :– આ દાવા નો સમન્સ પ્રતિવાદીઓને કરતા પ્રતિવાદી **નં.૧, ૩ તથા નં.૯ તરફે** તેમનો હિસ્સો વાદીની તરફેણમાં જતો કર્યા અંગેનું સોગંદનામુ **આંક–૧૬** થી **આંક–૧૮** સુધી રજુ રાખેલ છે. જયારે આ કામે પ્રતિવાદી **નં.૪ તથા ૧૧ થી ૧૩** ને નોટીશ બજેલ હોવા છતા તેમના તરફે કોઈ હાજર ન હોય, વાદીની આંક–૨૭ ની અરજી લગત હુકમ કરી પ્રતિવાદી **નં.૪ તથા ૧૧ થી ૧૩** નો જવાબનો હકક બંધી કરી એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

અન્ય પ્રતિવાદીઓ તરફે જવાબ :–દિવાની કાર્યરીતી સંહિતા,૧૯૦૮ના ઓર્ડર ૦૫ રૂલ ૦૫ અન્વયે દાવાનો સમંસ પ્રતિવાદી **નં.૨, ૫ થી ૮ તથા ૧૦** ને બજતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ **આંક–૨૯** થી જવાબ રજુ કરી જણાવેલ છે કે વાદીની દાવા અરજીના પેરા નં.૧ થી ૪ ની હકીકતો કબુલ કરી, વાદીના દાવાને દાવાને સમય–મર્યાદાનો તથા પક્ષકારોની ખામીનો બાધ નડે છે તથા કાયદા મુજબ ચાલવા પાત્ર ન હોય રદ થવા ને પાત્ર છે. વારસાઈ મિલકત નો ભાઈઓ ભાગે કોઈ પણ ભાગ પડેલ નથી કે રેવેન્યુ રેકર્ડ માં પણ કોઈ ભાઈયો ભાગ

કે હિસ્સો પડેલ નથી કે બહેનોએ જમીનમાંથી તેમનો કોઈ ભાગ જતો કરેલ નથી.

(૩.૧). ખરી હકીકતે, પ્રતિવાદી નં.૫ નાંએ ખુદની કમાઈમાંથી રાણાબોરડી મુકામે જમીન ખરીદ કરેલ છે અને કોઈ વારસાઈ જમીનમાંથી ઉપજ મેળવીને તે જમીન ખરીદ કરેલ નથી. આ વારસાઈ જમીન ના કોઈ ભાગ પાડવામાં આવેલ નથી તે સમય દરમ્યાન પ્રતિવાદી નં.૬ જેલમાં રહેલ હતા અને તેમની ગેરહાજરી માં વાદી ધ્વારા ખોટા કાગળો ઉભા કરી ભાગ પડી ગયા અને ખોટી રજુઆત નામ.કોર્ટમાં રહેલ છે.

આ કામે વાદી ધ્વારા વડીલોપાર્જીત જમીનનો ભાગ માંગવાનો દાવો કરેલ હોય તેથી જમીનની કિંમત ઉપર કોર્ટ ફી સ્ટેમ્પ વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી તેમજ વાદી ધ્વારા દાવો કરવા ખોટુ કારણ ઉભુ કરી તથા લીમીટેશન એકટનો બાધ ટાળવા માટે અમોને ખોટી નોટીશ કરી તેના આધારે હાલનો ખોટો દાવો કરેલ છે જેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

<u>(૪). મુદદાઓ :</u>– દિવાની કાર્યરીતી સંહિતા,૧૯૦૮ના ઓર્ડર ૧૪ રૂલ ૦૧ તથા ૦૩ અન્વયે સદર દાવાના કામે પ્લીડીંગ, પક્ષકારોએ સોંગદ ઉપર આપેલ હકીકતો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાના આધારે ન્યાયિક નિર્ણય અર્થે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા **<u>આંક –૩૦</u>** થી **મુદદાઓ** ઘડેલા જે મુદદા નીચે મુજબ છે.

–<u>:: મુદ્દાઓ ::</u>–

(૧). શું વાદી પુરવાર કરે છે કે, પક્ષકારોની વારસાઈ ખેતીની જમીન પૈકી ભોદ ગામે આવેલ રે.સ.નં.૩૨૦ વાળી ખેતીની જમીનનો પ્રત્યક્ષ કબજા–ભોગવટો આ કામનાં પ્રતિવાદી નં.૪ કાનજીભાઈ ભીખાભાઈ પાસે રહેલ છે ?

(૨). શું વાદી પુરવાર કરે છે કે, વારસાઈ જમીન અંગે પક્ષકારો વચ્ચે ઘરમેળે સમજુતીથી ભાયો ભાગ નકકી કરી પ્રત્યક્ષ કબજો ભોગવટો અલગ–અલગ તમામને સોંપી આપેલ છે અને તમામ પોત પોતાની જમીનમાં ખેતીકામ કરી ઉપજ મેળવી રહેલા છે ?

(૩). શું વાદી પુરવાર કરે છે કે, ભોદ ગામે આવેલ રે.સ.નં.૩૨૧ વાળી ભાયો ભાગની જમીનમાં વાદી ખેતીકામ કરી ઉપજ મેળવે છે અને પ્રત્યક્ષ કબજો–ભોગવટો ધરાવે છે ?

(૪). શું વાદી પુરવાર કરે છે કે, રે.સ.નં.૩૨૨ માં ત્રણ ભાગ કરી આ કામનાં પ્રતિવાદી નં.૬, ૧૦ થી ૧૩ તથા પ્રતિવાદી નં.૮ અને રે.સ.નં.૩૨૩ વાળી મિલકતમાં બે ભાગ પ્રતિવાદી નં.૫ અને ૮ નાં ભાગે આવેલ છે અને પ્રત્યક્ષ કબજો–ભોગવટો, માલિકી ધરાવે છે ?

(૫). શું પ્રતિવાદી નં.૫ પુરવાર કરે છે કે, તેઓએ તેમની સ્વકમાણી માંથી રાણાબોરડી ગામે આવેલી ખેતીની જમીનો ખરીદ કરેલ છે અને આ જમીન ભાયો ભાગે તેમના ભાગે આવેલી નથી ?

(૬). શું વાદીના દાવાએ હાલનાં દાવામાં પુરતી કોર્ટ ફી ભરેલ નથી ?

(૭). શું વાદીના દાવાને લીમીટેશન એકટનો બાધ નડે છે ?

(૮). શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૯). શું હુકમ અને હુકમનામુ ?

<u>(૫). મુદદાના ના જવાબો :–</u> ઉપરોકત મુદદાના તારણો નીચે જણાવ્યા છે જેના કારણો ચુકાદામાં સવિસ્તાર જણાવેલા છે જે જવાબો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– **નકારમાં**

મુદ્દા નં.૨ તથા ૩ :– **નકારમાં**

મુદ્દા નં.૪ :– **નકારમાં**

મુદ્દા નં.૫ :– **નકારમાં**

મુદ્દા નં.૬ તથા ૭ :– **નકારમા**

મુદ્દા નં.૮ :– **નકારમા**

મુદ્દા નં. ૯ :– **આખરી હુકમ મુજબ.**

(૬). પુરાવો :– વાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

:: વાદી તરફે મૌખિક પુરાવો ::

૧.	આંક–૩૨	વાદી ખીમજીભાઈ ભીખાભાઈ નું સરતપાસનું સોગંદનામુ

:: વાદી તરફે દસ્તાવેજી પુરાવો ::

અનુ.નં	આંક	દસ્તાવેજોનુ વર્ણન
૧.	૩૪	ગામ નમુનો નં.૬ હકકપત્રક નોંધ નં.૪૭૦૦ ની ખરી નકલ
૨.	૩૫	ગામ નમુનો નં.૬ હકકપત્રક નોંધ નં.૫૦૮૬ ની ખરી નકલ
૩.	૩૬	ભોદ ગામના રે.સ.નં.૩૨૧, ૩૨૨, ૩૨૩ ના ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ
૪.	૩૭	ભોદ ગામના રે.સ.નં.૩૨૧ ના ગામ નમુના નં.૭ ની ખરી નકલ
૫.	૩૮	ભોદ ગામના રે.સ.નં.૩૨૧ ના ગામ નમુના નં.૧૨ ની ખરી નકલ
૬.	૩૯	ભોદ ગામના રે.સ.નં.૩૨૧, ૩૨૨, ૩૨૩ ના ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ

૭.	૪૦	ભોદ ગામના રે.સ.નં.૩૨૨ ના ગામ નમુના નં.૭ ની ખરી નકલ
૮.	૪૧	ભોદ ગામના રે.સ.નં.૩૨૨ ના ગામ નમુના નં.૧૨ ની ખરી નકલ
૯.	૪૨	ભોદ ગામના રે.સ.નં.૩૨૧, ૩૨૨, ૩૨૩ ના ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ
૧૦.	૪૩	ભોદ ગામના રે.સ.નં.૩૨૩ ના ગામ નમુના નં.૭ ની ખરી નકલ
૧૧.	૪૪	ભોદ ગામના રે.સ.નં.૩૨૩ ના ગામ નમુના નં.૧૨ ની ખરી નકલ
૧૨.	૪૫	વાદીએ જીલ્લા જમીન વિકાસ અધિકારીને લખેલ પત્ર ની સ્થળપ્રત
૧૩.	૪૬	વાદીએ રે.સ.નં.૩૨૧ ની માપણી કરવા ભરવામાં આવેલ ચલણની ફોટો કોપી
૧૪.	૪૭	ભોદ ગામના રે.સ.નં.૩૨૧ ની માપણીશીટની ખરી નકલ
૧૫.	૪૮ થી ૭૪	પ્રતિવાદી ઓ ને કરેલ રજી.એ.ડી.ની કાચી રસીદ, એકનોલેજમેટ રસીદ તથા પોસ્ટ કવર લગત ના શેરા
૧૬.	૭૪	રજી.એડી.નોટીશની સ્થળપ્રત
૧૭.	૭૫ થી ૮૧	પક્ષકારોની વાડીમાં કરવામાં આવેલ વાવેતર તથા હદ નિશાનની ફોટોકોપી
૧૮.	૮૨	જમીનમાં આવેલ રસ્તો તથા દિવાલ અંગેના ફોટોગ્રાફ ની નકલ
૧૯.	૮૩	પક્ષકારોની જમીનની માપણીશીટની નકલ
૨૦.	૮૪	ભોદ ગામની રે.સ.નં.૩૨૧ ની હદ માપણીના માપણીશીટની નકલ

ત્યારબાદ વાદી તરફે **<u>આંક–૮૬</u>** થી પુરાવો આપવો નથી તે અંગે **પુરશીશ રજુ કરેલ છે.**

(૭.૧). આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

:: <u>પ્રતિવાદી તરફે મૌખિક પુરાવો</u> ::

૧.	આંક–૮૮	પ્રતિવાદી નં.૬ નારણભાઈ ભીખાભાઈ શીયાણીનું સરતપાસનું સોગંદનામુ

ત્યારબાદ પ્રતિવાદી નં.૨,૫ થી ૧૦ તથા ૧૧ તરફે **<u>આંક–૯૫</u>** થી પુરાવો આપવો નથી તે અંગે **પુરશીશ રજુ કરેલ છે.**

<u>(૮). દલીલ :</u>– આ કામે વાદીપક્ષ તરફે **<u>આંક–૯૭</u>** થી લેખિત દલીલ રજુ રાખેલ છે, પ્રતિવાદીપક્ષ તરફે **<u>આંક–૧૦૦</u>** થી લેખિત દલીલ રજુ રાખવામાં આવેલ છે, જે તમામ લેખિત દલીલ નો દાવા નો નિકાલ કરતી વખતે ધ્યાને લીધેલી છે.

<u>(૯). પુરાવા ની મુલવણી તથા મુદદાઓ ના તારણો :</u>– આ કામે સૌપ્રથમ દાવાના કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવા માટે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ ની જોગવાઈ ધ્યાને લેતા, એ હકિકત સ્પષ્ટ થાય છે કે, જે કોઈ પક્ષકાર એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીનો અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિષે કોઈ ન્યાયાલય ફેંસલો આપે, તો તે હકિકત તેણે સાબીત કરવી પડે કે તે હકિકતો અસ્તિત્વમાં છે અને તેવી હકિકત સાબીત કરવાનો બોજો તે વ્યકિત ઉપર રહે છે. વધુમાં, ઉપરોકત કલમ–૧૦૨ ની જોગવાઈ ઉપરથી એ હકિકત સ્પષ્ટ થાય છે કે, દાવામાંના બેમાંથી કોઈ પક્ષ તરફથી કશો પૂરાવો ન આપવામાં આવે તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના પર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો રહે છે. વધુમાં એ હકિકત પણ સ્પષ્ટ થાય છે કે, બે માંથી કોઈ પક્ષ તરફથી કોઈ પૂરાવો

આપવામાં ન આવે તો દાવામાંના બન્ને પક્ષકારો તેમના પ્લીડીંગ્સ મુજબની હકિકત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલા છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **૨૦૦૭ (૩) જી.સી.ડી. ૨૧૬૫, ધાંગધ્રા મ્યુનીસીપાલીટી વિરૂધ્ધ ગણપતભાઈ જેઠાભાઈ મકવાણા**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ "Pleadings is not evidence." આ કામે સદર હકીકતો, રજુ પુરાવાઓ તથા બંને પક્ષનાં વિ. વકીલશ્રી ની દલીલો લક્ષમાં લેતાં આ કામે હાલનાં દાવાનાં નિર્ણય અર્થે ઉપસ્થિત કારણોની નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલી છે.

: દાવા ના નિર્ણય અંગેના કારણો :

(૧૦). મુદદા નં.૦૧ . મુદા નંબર–૦૧ ની ચર્ચા કરીયે તો તેમા વાદી એ એવુ પુરવાર કરવાનુ છે કે **શું વાદી પુરવાર કરે છે કે, પક્ષકારોની વારસાઈ ખેતીની જમીન પૈકી ભોદ ગામે આવેલ રે.સ.નં.૩૨૦ વાળી ખેતીની જમીન નો પ્રત્યક્ષ કબજા–ભોગવટો આ કામ ના પ્રતિવાદી નં.૪ કાનજીભાઈ ભીખાભાઈ પાસે રહેલ છે ?** આમ આ મુદાની રચના અને તેનો પ્રકાર જોતા આ મુદદો પુરવાર કરવાનો બોજો વાદીના માથે રહેલો છે. વાદી તરફે રજુ થયેલ પુરાવા ચકાસીયે તો **વાદી ખીમજી ભીખાભાઈ શીયાણી** એ **આંક–૩૨** થી સરતપાસ માં જણાવેલ છે કે વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૯ એક જ માતા પિતા ની સંતાન છે તેમજ પ્રતિવાદી નં.૧૦ થી ૧૩ અમારા ગુજરનાર ભાઈ શ્રી દિનેશભાઈ ભીખાભાઈ ના વારસદારો છે. આ કામના પક્ષકારો ના પિતા ભીખાભાઈ રાજાભાઈ શીયાણી ગુજરી જતા વારસાઈ ફેરફાર નોંધ નં.૪૭૦૦ પડેલ હતી તેમા વારસાઈ થી રે.સ.નં.૩૨૧ તથા ૩૨૩ વારસાઈ દરજજે મળેલ હતી અને અમારા પિતા ધ્વારા ખરીદ કરેલ ભોદ ગામે આવેલ રે.સ.નં.૩૨૦ નો કબ્જો ભોગવટો પ્રતિવાદી નં.૪ પાસે રહેલ છે. હવે આ કામે દાવાવાળી મિલકત નો ગામ નમુનો નં.૮–અ તથા

૭ જે આ કામે આંક–૩૬ તથા આંક–૩૭ થી રજુ છે તેમા આ દાવા ના તમામ પક્ષકારો ના નામ કબ્જેદાર તરીકે દર્શાવેલ છે તથા *વાદી એ* ***ઉલટ તપાસ માં એ હકીકત સ્વીકારેલ છે કે*** *" ગામ નમુના નં. ૧૨માં જે વાવેતર કરતું હોય તેનાં નામની નોંધ કરવામાં આવે છે. રેવન્યુ સર્વે નં.૩૨૦ વાળી જમીન ખીમજીભાઈ જીવાભાઈ શીયાણીનાં નામે છે. જે મારા મોટાબાપા થાય છે. આ સર્વે નં ૩૨૦ વાળી જમીન હાલ કાનજીભાઈ ભીખાભાઈનાં નામે નથી. સર્વે નં. ૩૨૦ વાળી જમીનનાં કોઈ રેવન્યુ દસ્તાવેજ પણ મેં આ કામે રજુ કરેલા નથી. રેવન્યુ સર્વે નં. ૩૨૦ વાળી જમીન મારા પિતાજીએ ખરીદ કરેલ હોય તે અંગનો કોઈ લેખીત દસ્તાવેજ પણ મેં આ કામે રજુ કરેલ નથી."* આમ રે.સ.નં. ૩૨૦ વાળી મિલકત પ્રતિવાદી નં.૪ કાનજીભાઈ ભીખાભાઈ ના કબ્જા ભોગવટા માં રહેલ હોવા ની હકીકત અંગે વાદી તરફે કોઈ પણ પુરાવા રજુ કરેલ નથી નથી તેથી આ હકીકત પુરવાર થતી ન હોય **મુદદા નં.૧ નો જવાબ નકાર માં** આપવામાં આવે છે.

<u>(૧૧). મુદદા નં.૦૨ તથા ૩ .</u> મુદા નંબર–૦૨ ની ચર્ચા કરીયે તો તેમા વાદી એ એવુ પુરવાર કરવાનુ છે કે **શું વાદી પુરવાર કરે છે કે, વારસાઈ જમીન અંગે પક્ષકારો વચ્ચે ઘરમેળે સમજુતીથી ભાયો ભાગ નકકી કરી પ્રત્યક્ષ કબજો ભોગવટો અલગ–અલગ તમામને સોંપી આપેલ છે અને તમામ પોત પોતાની જમીનમાં ખેતીકામ કરી ઉપજ મેળવી રહેલા છે ? તથા શું વાદી પુરવાર કરે છે કે, ભોદ ગામે આવેલ રે.સ.નં.૩૨૧ વાળી ભાયો ભાગની જમીનમાં વાદી ખેતીકામ કરી ઉપજ મેળવે છે અને પ્રત્યક્ષ કબજો–ભોગવટો ધરાવે છે ?** આમ આ મુદદાઓ ની રચના અને તેનો પ્રકાર જોતા આ મુદદો પુરવાર કરવાનો બોજો વાદી ના માથે રહેલો છે. વાદી તરફે રજુ થયેલ પુરાવા ચકાસીયે તો **<u>વાદી ખીમજી ભીખાભાઈ શીયાણી</u>** એ **<u>આંક–૩૨</u>** લગત ની ઉલટ

તપાસ વંચાણે લેતા " મારા પિતાજીનું આખુ નામ ભીખાભાઈ ખાભાઈ રાજાભાઈ શીયાણી છે. મારા પિતાજીને કુલ ૩ જમીન આવેલ છે જેમાં કુલ–૬૩ વીઘા જમીન આવેલી છે. એ વાત ખરી છે કે આ ૬૩ વીઘા જમીન મારા પિતાજીનાં નામે આવેલ સંયુકત વારસદારોના નામે આવેલ છે.મને કોર્ટ રેકર્ડમાંથી આંક–૪૫ બતાવવામાં આવે છે તે જોઈને કહું છુ કે, તેમાં માત્ર મારી એકલાની જ સહી છે અમારા અન્ય કોઈ ભાઈ–બહેનોની તેમાં સહીઓ નથી."

આ કામે વાદી એ જુબાની માં સ્વીકારેલ છે કે આંક–૪૫ ના વહેંચણી કરાર તેમના સિવાય અન્ય કોઈ ભાઈ બહેનો ની સહી નથી તેથી તે જમીન ની વહેચણી ના લખાણ સાચુ હોવા નુ ન્યાયાલય અનુમાન કરી અને ભાઈયો ભાગે વારસાઈ મિલકત ની વહેંચણી થયેલ હોવા ની હકીકત માની શકાય નહી તેમજ વાદી પોતે સરવે નં.૩૨૧ માં ખેતી કરી કબ્જો ભોગવટો ધરાવતા હોવા અંગે રેવેન્યુ રેકર્ડ વંચાણે લેતા જણાઈ આવતુ નથી તેથી આ હકીકત પુરવાર થતી ન હોય **મુદદા નં.૨ તથા ૩ નો જવાબ નકાર માં** આપવામાં આવે છે.

<u>(૧૨). મુદદા નં.૦૪ .</u> આ મુદદા ની ચર્ચા કરીયે તો તેમા વાદી એ એવુ પુરવાર કરવાનુ છે કે **શું વાદી પુરવાર કરે છે કે રે.સ.નં.૩૨૨ માં ત્રણ ભાગ કરી આ કામનાં પ્રતિવાદી નં.૬, ૮, ૧૦ થી ૧૩ તથા રે.સ.નં.૩૨૩ વાળી મિલકતમાં બે ભાગ પ્રતિવાદી નં.૫ અને ૮ નાં ભાગે આવેલ છે અને પ્રત્યક્ષ કબજો–ભોગવટો, માલિકી ધરાવે છે ?** આમ આ મુદાની રચના અને તેનો પ્રકાર જોતા આ મુદદો પુરવાર કરવાનો બોજો વાદીના માથે રહેલો છે. વાદી તરફે રજુ થયેલ પુરાવા ચકાસીયે તો **<u>વાદી ખીમજી ભીખાભાઈ શીયાણી</u>** એ આંક–૩૨ લગત ઉલટ તપાસ માં એ હકીકત સ્વીકારેલ છે કે " અમારી જમીનનાં ભાયુ ભાગ પડેલા હોય તે અંગેનો કોઈ લેખીત દસ્તાવેજ આ

કામે રજુ રાખેલ નથી મારે ૫ બહેનો છે. અમે અમારી બહેનોને જમીનમાંથી કોઈ ભાગ આપેલ હોય તેવો કોઈ લેખીત દસ્તાવેજ આ કામે રજુ રાખેલ નથી.ભોદ ગામનાં ખાતા નં. ૧૯૭ જેના રેવન્યુ સર્વે નં. ૩૨૧, ૩૨૨, ૩૨૩ વાળી ખેતીની જમીન ભીખાભાઈ શીયાણીનાં તમામ વારસદારોનાં નામે રેવન્યુ રેકર્ડમાં આવેલ છે."

આ કામે પ્રતિવાદી એ આંક–૮૮ લગત ઉલટતપાસ માં એ હકીકત સ્વીકારેલ છે કે " અમારી વારસાઈ જમીનમાં ભીખાભાઈના વારસાદારો પૈકી કોય પણ વ્યકિતએ રેવન્યુ ખાતામાં ખાતાઓ અલગ કરવા કોય પણ અરજી કરેલ નથી. તા.૨૧/૦૬/૨૦૧૪ ના રોજ અમો તમામ વારસદારો ની વારસાઈ નોંધ પડાવવામાં આવેલ છે. મારા પિતાશ્રી ભીખાભાઈને ૪ સર્વે નંબરની ખેતીની જમીન આવેલ છે."

આમ બન્ને પક્ષકારો નો પુરાવો વંચાણે લેતા આ કામે વાદી તથા પ્રતિવાદીઓ ના પિતા ભીખાભાઈ શીયાણી ગુજરી જતા સને–૨૦૧૪ માં વારસાઈ ફેરફાર નોંધ નં.૪૭૦૦ પડેલ હતી ત્યારબાદ થી આ તમામ વારસાઈ મિલકત માં તમામ પક્ષકારો ના કબ્જેદાર તરીકે દર્શાવેલ છે તેમજ વાદી એ આ કામે કોઈ પંચ રોજકામ પણ કરાવેલ નથી કે તેના થી એ જણાઈ આવે કે પક્ષકારો ના પિતા ગુજરી જતા રે.સ. નં.૩૨૨ વાળી મિલકત પ્રતિવાદી નં.૬,૮, ૧૦ થી ૧૩ તથા રે.સ.નં.૩૨૩ વાળી મિલકત પ્રતિવાદી નં. ૫ તથા ૮ ના કબ્જા ભોગવટા માં આવેલ છે તેથી વાદી આ હકીકત પુરવાર કરેલ ન હોય **મુદદા નં.૪ નો જવાબ નકાર માં** આપવામાં આવે છે.

(૧૩). મુદદા નં.૦૫ . આ મુદદા ની ચર્ચા કરીયે તો તેમા વાદી એ એવુ પુરવાર કરવાનુ છે કે **શું પ્રતિવાદી નં.૫ પુરવાર કરે છે કે તેઓએ તેમની સ્વકમાણી માંથી રાણાબોરડી ગામે આવેલી ખેતીની જમીનો ખરીદ કરેલ છે અને આ જમીન ભાયો ભાગે તેમના ભાગે આવેલી નથી ?** આમ આ મુદાની રચના અને તેનો પ્રકાર જોતા

આ મુદદો પુરવાર કરવાનો બોજો પ્રતિવાદી ના માથે રહેલો છે. વાદી તરફે રજુ થયેલ પુરાવા ચકાસીયે તો **<u>વાદી ખીમજી ભીખાભાઈ શીયાણી</u>** એ આંક–૩૨ લગત ઉલટ તપાસ માં એ હકીકત સ્વીકારેલ છે કે " મારા પિતાજીનું આખુ નામ ભીખાભાઈ રાજાભાઈ શીયાણી છે. મારા પિતાજીને કુલ ૩ જમીન આવેલ છે જેમાં કુલ–૬૩ વીઘા જમીન આવેલી છે." વધુમાં આ કામે પક્ષકારો ના પિતા સને–૨૦૧૪ માં ગુજરી જતા વારસાઈ ફેરફાર નોંધ પડેલ હતી આંક–૩૪ થી રજુ છે તે વંચાણે લેતા રે.સ.નં.૧૨૮/૨ (૯૭) નો ઉલ્લેખ કરેલ છે તેમજ પ્રતિવાદી નં.૫ ના એ તેઓ ની સ્વકમાણી માં થી રાણા બોરડી મુકામે ખેતી ની જમીન ખરીદ કરેલ હોવા અંગે ની હકીકત આંક–૨૯ ના જવાબ તથા આંક–૮૮ ના પુરાવા ના સોગંદનામાં જણાવેલ છે પરંતુ આ રાણા બોરડી મુકામે પ્રતિવાદી એ કયા સરવે નંબર ની મિલકત ખરીદ કરેલ હતી તે અંગે નો કોઈ જ આધાર પરાવો કે રેવેન્યુ રેકર્ડ રજુ કરેલ નથી. આમ પ્રતિવાદી નં.૫ એ આ હકીકત પુરવાર કરેલ ન હોય **મુદદા નં.૫ નો જવાબ નકાર માં** આપવામાં આવે છે.

<u>(૧૪). મુદદા નં.૦૬ તથા ૭.</u> આ મુદદા ની ચર્ચા કરીયે તો તેમા વાદી એ એવુ પુરવાર કરવાનુ છે કે **શું વાદી એ હાલના દાવા માં પુરતી કોર્ટ ફી ભરેલ નથી તથા વાદી ના દાવા ને સમય મર્યાદા નો બાધ નડે છે ?** હવે આ કામે દાવા અરજી ની હકીકત વંચાણે લેતા તેઓ એ પાર્ટીશન નો દાવો દાખલ કરેલ છે અને આ દાવા માં નિર્ધારીત કોર્ટ ફી ભરેલ છે તેમજ વાદી એ ભાઈયો ભાગ ની મિલકત માં હકક હિસ્સો મેળવવા દાવો દાખલ કરેલ છે તેમા કોઈ સમય મર્યાદા લાગુ પડે નહી કારણ કે તેમા તેઓ ગમે ત્યારે દાવો દાખલ કરી શકે છે. આમ વાદી એ આ દાવા પુરતી કોર્ટ ફી ભરી ને રજુ કરેલ છે તેમજ આ દાવા ને સમય મર્યાદા નો બાધ નડતો નથી તેવુ આ

અદાલત નું માનવુ છે. આમ **મુદદા નં.૬ તથા ૭ નો જવાબ નકાર માં** આપવામાં આવે છે.

(૧૫). મુદદા નં.૮. આ મુદા ની ચર્ચા કરીયે તો **શું વાદી માંગ્યા મુજબ ની દાદ મેળવવા હકદાર છે ?** આ કામે વાદી એ મુદદા નં.૧ થી ૪ સુધી નો જવાબ નકાર માં પુરવાર કરેલ છે અને પ્રતિવાદી એ મુદદા નં.૫ ને નકાર માં પુરવાર કરેલ છે તેથી આ કામના વાદી આ દાવા અરજી માં માંગ્યા મુજબ ની કોઈ પણ દાદ મેળવવા હકદાર બનતા ન હોવા થી **મુદદા નં.૦૮ નો જવાબ નકાર માં** આપી મુદદા નં.૦૯ લગત ન્યાય ના વિશાળ હિત માં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::

(૧). વાદી ની દાવા અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). દાવાનો ખર્ચ પક્ષકારો એ જાતે ભોગવવું.

હુકમ આજરોજ તા.૧૧ મી માહે–મે, સને–૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

NARAYAN LAL SHARMA
Digitally signed by NARAYAN LAL SHARMA
Date: 2026.05.11 13:42:52 +0530

તા. ૧૧/૦૫/૨૦૨૬. **(નારાયણલાલ શર્મા)**
સ્થળ :–રાણાવાવ. **પ્રિન્સીપાલ સીવીલ જજ, રાણાવાવ.**
UIC NO. GJ01439